**પ્રશ્ન: તા.૩૧.૦૩.૨૦૨૩ની સ્થિતીએ તેમજ આજની સ્થિતિએ અમદાવાદ જીલ્લામાં જુનિયર ફાર્માસીસ્ટની તાલુકા વાઈઝ કેટલી ખાલી અને ભરેલ જગ્યાઓ છે ? અને ખાલી જગ્યા કયાર સુધી ભરવામાં આવશે ?**

**જવાબ :**

**તા.૩૧.૦૩.૨૦૨૩ની સ્થિતીએ** જુનિયર ફાર્માસીસ્ટ સંવર્ગની મંજુર ભરેલ ખાલી જગ્યા.....

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મંજુર** | **ભરેલ** | **તા.૩૧/૦૩/૨૩ની સ્થિતિએ ખાલી જગ્યા** | **તા.૦૬/૦૯/૨૩ની સ્થિતિએ ખાલી જગ્યા** |
|---|---|---|---|---|---|
| ૧ | દસક્રોઈ | ૭ | ૭ | ૦ | ૦ |
| ૨ | સાણંદ | ૭ | ૬ | ૧ | ૦ |
| ૩ | માંડલ | ૩ | ૩ | ૦ | ૦ |
| ૪ | ધોલેરા | ૩ | ૩ | ૦ | ૦ |
| ૫ | ધંધુકા | ૩ | ૩ | ૦ | ૧ |
| ૬ | દેત્રોજ | ૩ | ૩ | ૦ | ૦ |
| ૭ | વિરમગામ | ૫ | ૫ | ૦ | ૧ |
| ૮ | બાવળા | ૪ | ૪ | ૦ | ૦ |
| ૯ | ધોળકા | ૬ | ૬ | ૦ | ૦ |
| | જિ.પં.અમદાવાદ | ૧ | ૧ | ૦ | ૦ |
| | **કુલ** | **૪૨** | **૪૧** | **૧** | **૨** |

આમ..તા.૩૧/૦૩/૨૦૨૩ ની સ્થિતિએ આરોગ્ય શાખા જિલ્લા પંચાયત અમદાવાદ ખાતે અને તેના તાબા હેઠળની કુલ ૯ તાલુકા હેલ્થ કચેરીઓમાં જુ.ફાર્મા.ની કુલ ૪૨ જગ્યા મંજુર થયેલ છે જે પૈકીની ૪૧ જગ્યાઓ ભરાયેલ હતી અને ૦૧ જગ્યા ખાલી હતી.

તા.૩૦/૦૪/૨૦૨૩ નાં રોજ ૦૧ જુ. ફાર્મા. દ્વારા સ્વૈચ્છિક નિવૃતિ લેતાં ખાલી જગ્યાની સંખ્યા કુલ ૦૨ હતી. તા.૩૦/૦૬/૨૦૨૩ નાં રોજ ૦૧ જુ. ફાર્મા વયનિવૃત થતા કુલ ખાલી જગ્યાઓની સંખ્યા ૦૩ થયેલ હતી. વધુમાં પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ ગાંધીનગરનાં હુકમ ક્રમાંક PRDRDD/0081/09/2023 તા.૦૨/૦૯/૨૦૨૩થી ૦૧ જુ.ફાર્મા. આંતર જિલ્લા ફેરબદલીથી ભાવનગર જિલ્લા પંચાયત થી અમદાવાદ જિલ્લા પંચાયત ખાતે તા.૦૫/૦૯/૨૦૨૩નાં રોજ હાજર થયેલ છે.

આજ રોજ તા.૦૬/૦૯/૨૦૨૩ની સ્થિતિએ આરોગ્ય શાખા જિલ્લા પંચાયત અમદાવાદ ખાતે અને તેના તાબા હેઠળની કુલ નવ તાલુકા હેલ્થ કચેરીઓમાં જુ.ફાર્માની કુલ ૪૨ મંજુર જગ્યા પૈકી ૪૦ ભરાયેલ તેમજ ૦૨ ખાલી છે.

ઉપરોક્ત ખાલી રહેલ ૦૨ જગ્યાઓ સરકારશ્રી દ્વારા તબક્કાવાર ભરતી કાર્યક્રમ બહાર પાડીને ભરતી કર્યા મુજબ સત્વરે ભરવામાં આવશે.

**પ્રશ્ન : જુનિયર ફાર્માસિસ્ટની કામગીરી શું છે ?**

---

**જવાબ :**

જુનિયર ફાર્મસિસ્ટની કામગીરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફાર્માસિસ્ટની કામગીરીમાં દર્દીનો કેસ કાઢવો, રજીસ્ટ્રેશન નંબર આપવો, દર્દીને દવાઓ આપવી,દવા પર સ્ટીકર ચોંટાડી તેની ઉપર વિગત લખવી, દર્દીને દવા આપતી વખતે દવા કયારે અને કેવી રીતે લેવી તેની સમજવા આપવી, જરૂરી દવાઓનું ઈન્ડેના બનાવવું, નીતિનિયમો મુજબ દવાઓનું "ન્યૂનતમ બેલેન્સ જળવાય તેની તકેદારી રાખવી, નીતિનિયમો મુજબ દવાઓ કોઈક વાર રીઓર્ડર લેવલ પર ઉપલી કચેરીથી દવાઓ મેળવવી, દર માસે દવાઓનું વપરાશપત્રક તૈયાર કરી તબીબી અધિકારી પાસે ચકાસણી કરાવી તે અંગેનુ પ્રમાણપત્ર મેળવવું. (સ્ટોક રજીસ્ટરના પાછળના ભાગે દર માસે સ્ટોક વેરીફીકેશન બાબતનુ પ્રમાણપત્ર તબીબી અધિકારી લખી આપે છે.), સિટિજન ચાર્ટર હેઠળ મૂકેલ ચાર્ટમાં દવાઓની ઉપલબ્ધતા અંગેની માહિતી અદ્યતન કરવી, બધાજ રેકોર્ડ અને રજીસ્ટરની અદ્યતન રાખવા, ક્ષેત્રીય કર્મચારીઓને એમને ફાળવેલ દવાઓ આપવી, સરકારશ્રી દ્વારા નકકી થયેલ ચાર્જ દર્દી પાસેથી વસૂલ કરવા.(માત્ર એ આર.વી વેકિસનનો ચાર્જ લેવામાં આવે છે.), વસૂલાતની રકમ સમયસર સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયામાં જમા કરાવવી, તમામ મેડીકલ રેકોર્ડ સ્ટાફ નર્સની સાથે મળીને નિતિનિયમો મુજબ વ્યવસ્થિત અને હાથવગા રાખવા, ઓ.પી.ડી. અને ઈન્ડોર વિષયક નકકી થયેલ ડેટા એનાલીસીસ રિપોર્ટ સ્ટાફ નર્સ સાથે મળીને

તૈયાર કરવા, સ્ટોરની દવાઓ તથા વેકસીન ફર્સ્ટ એકસપાયરી ફર્સ્ટ ઓઉટ પ્રમાણે કરવી.

રેકોર્ડસની કામગીરીઓ પી.ડી. કેસપેપર, રજીસ્ટર, જનરલ સ્ટોક રજીસ્ટર, ટી.બી. સ્ટોક રજીસ્ટર, મેલેરીયા સ્ટોક રજીસ્ટર, કુટુંબ કલ્યાણ સ્ટોક રજીસ્ટર, ક્ષેત્રીય ડ્રગ ઈસ્યુ રજીસ્ટર, જૂના નવા સ્ત્રી–પુરુષ વિશેની વિગત દર્શાવતું રજીસ્ટર, આઈ.એલ.આર./ડીપફ્રીજનું તાપમાન દર્શાવતું રજીસ્ટર, એ.આર.વી. વેકિસન ચાર્જની પહોંચ, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયામાં ચલણ ફોર્મ.

**પ્રશ્ન: જુનિયર ફાર્માસિસ્ટની જગ્યા ભરાયેલ હોય તો લોકોને શું લાભ થાય છે ?**

**જવાબ:–**

લોકોને ડૉક્ટર દ્વારા લખવામાં આવતી દવાઓ દર્દીને દવા લેવાનો સમય સમજાવે છે અને દર્દીઓને ઝડપી કેસ નિકાળવામાં મદદરૂપ થાય છે, દવાઓ પર સ્ટીકર ચોટાડી તેની વિગતો લખી આપે છે. દર્દીને દવા આપતી વખતે દવા ક્યારે અને કેવી રીતે લેવી તેની સમજણ આપે છે. જરૂરી દવાઓનું ઈન્ડેન્ટ બનાવી તબીબી અધિકારીશ્રીની અનુમતી મેળવી બ્લોક હેલ્થ ઓફીસ મારફતે જીલ્લામાંથી દવાઓ મેળવે છે. નીતીનિયમો મુજબ દવાઓનું ન્યૂનતમ બેલેંસ જળવાય તેની તકેદારી રાખે છે. દવાઓ જિલ્લા અને બ્લોક કક્ષાએ ના હોય તો તબીબી અધિકારીશ્રીની અનુમતી મેળવી ખરીદી કરે છે.